॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી ધોલેરાધામ મહિમા

## (ભાલ પ્રદેશ)

**લેખક :-** શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદદાસ ગુ.શા. સ્વા. હરિપ્રકાશદાસજી (ધોલેરા)

ધોલેરા નિવાસી શ્રી મદનમોહનજી મહારાજની કૃપા એવં
પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના આશિર્વાદથી.

ગામ રોજકાના અ.નિ. ચંદનસિંહ અમરસિંહજી ચુડાસમા
તથા અ.નિ. જામબા ચંદનસિંહજી ચુડાસમાના મોક્ષાર્થેઅ.નિ. ચંદનસિંહ અમરસિંહજી ચુડાસમા
તથા અ.નિ. જામબા ચંદનસિંહજી ચુડાસમાના મોક્ષાર્થે

**સંકલન :-** શા. હરિચરણસ્વામી તથા પૂ. હરિવલ્લભસ્વામી

**સૌજન્ય :-** ગામ રોજકાના સજનબા જાલમસિંહજી ચુડાસમા
પ.ભ. શ્રી જાલમસિંહ ચંદનસિંહજી ચુડાસમા
**સુપુત્રો :-** વિક્રમસિંહજી, રાજેન્દ્રસિંહજી, મહેન્દ્રસિંહજી એવં
પૌત્ર. ઈન્દ્રવિજયસિંહ વિક્રમસિંહજી તથા સમસ્ત ચુડાસમા પરિવાર

**ફોટોગ્રાફી :-** નવરંગ સ્ટુડીયો, ધંધુકા.

## પ્રકાશકના બે બોલ

જય શ્રી સ્વામિનારાયણ સાથ જણાવવાનું કે સમસ્ત હરિભક્તોની માંગણીને ધ્યાનમાં લઈ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત ગ્રંથ પુરૂષોત્તમપ્રકાશ તથા ભક્તચિંતામણી વગેરે ગ્રંથમાંથી તથા વડીલ સંતો-હરિભક્તો પાસેથી યોગ્ય વિગત મેળવી ''શ્રી ધોલેરાધામ મહિમા'' સચિત્ર પુસ્તક પ્રકાશિત કરતા અંતરથી ઘણોજ આનંદ થાય છે.

ધોલેરા ધામમાં રહેલ મહત્વના પ્રસાદીના સ્થાનો અને શ્રીજી પ્રસાદીભૂત વસ્તુના દર્શન-મહિમાને પ્રકાશિત કરતુ પુસ્તક એટલે ''શ્રી ધોલેરાધામ મહિમા'' જે શ્રી મદનમોહનજી મહારાજની કૃપા તથા કો. સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજીના આશિર્વાદથી મતિ અનુસાર તૈયાર કર્યુ છે જેને હું મારા દાદા ગુરૂ અ.નિ. સ.ગુ. કો. સ્વામી શ્રી હરિજીવનદાસજીના ચરણોમાં સમર્પિત કરૂ છું.

**લેખક : શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદદાસજી - ધોલેરા.**

શ્રી સ્વામિનારાયણ મંદિર - ધોલેરા
તા. ધંધુકા, જી. અમદાવાદ. ફોન નં. ૦૨૭૧૩-૨૩૪૨૫૦
www.dholeradham.com

# ધોલેરા ઐતિહાસિક દષ્ટિએ

એહ બંદર સુંદર સારૂ રે, જિયા આવે છે લોક હજારૂ રે
તિયા મંદિર કરવુ એક રે, સારૂ સહુથી વળી વિશેષ રે.

આજનું ધોલેરા ત્રણ-ચાર સદીઓ પૂર્વે ધોલપુર નામનું નાનું રજવાડુ હતુ. ૨૦૦ થી ૩૦૦ ની વસ્તી હતી. પ્રદૂષણ રહિત નૈસર્ગિક વાતાવરણ નાના-મોટા સાત-આઠ તળાવોથી ઘેરાયેલુ હતુ. જેમાં હાલ પણ ધર્મકુંડ સરોવર પર શ્રી સ્વામિનારાયણ મંદિર સહિત અનંત પ્રાચીન દેવાલયો આવેલા છે.

બીજુ રાયમલજીનો વંશ વિસ્તાર એ હાલમાં વસતા ભાલના ચુડાસમાનો સંક્ષિપ્ત ઈતિહાસ છે જેમાં દરબાર શ્રી પૂજાભાના વંશજોએ ધોલપુરનું ધોલેરા કરી વિસ્તાર કર્યો. જેમાં પુંજાભાની વંશાવલી જોઈએ તો ૧૭૦૧ થી ૧૭૨૧ ચુડાસમાના ભાગલામાં "દરબારશ્રી મરેતી ને ધોલેરા અને કાદિપુર ગામ આવ્યા. તેમને ૩ પુત્ર, શુભાજી, મેળહજી



પ.ભ. શ્રી પુંજાભાઈ બાપુ - ધોલેરા

અને ભાણજી તેમના વંશમાં મેરખજી તેના મેબકજી તેમના કેશાભા તેમના બુટ્ટોભા.

બુટ્ટોભાને બનેસંગ અને પુજાભા બે પુત્રો હતા. જેમાં હાલ બનેસંગજીનો વંશ છે અને પુંજાભાને દિકરીઓ હતી જેથી તેમનો વંશ નથી.

પરમભક્ત શ્રી પુંજાભા બાપુ અને તેમની બે બહેનો તથા સર્વે હરિભક્તોના ભાવથી શ્રી સ્વામિનારાયણ ભગવાને ધોલેરામાં મંદિર કર્યુ ત્યારે ધોલેરા ધીકતું બંદર હતુ. ૨૦ દેશો સાથે વેપાર-વ્યવહાર થતો. ૪૦ હજાર જેટલી ધોલેરાની વસ્તી હતી. જેમાં અંગ્રેજો આવ્યા. તેમને બંદર વધુ વિકસાવ્યું અને પહેલા બંદરની ખંડણી પેટે ૪૦૦૦ ગામધણીને મળતા તેના ૩૨૦૦૦ આપવા લાગ્યા.

બીજુ "પાતળિયો" ધોલેરાનું અદ્ભુત આકર્ષણ છે. અંગ્રેજોએ જમીનમાંથી ખનીજ કાઢવા ૭૦૦ ફુટ બોર કર્યો તો ગરમગંધક યુક્ત પાણીનો ધોધ મળ્યો. ફરી બીજો ૧૮૦૦ ફુટનો બોર કર્યો તો પણ ગરમ પાણીનો ધોધ મળ્યો. જે પાણી એ જમાનામાં રસોઈના કામમાં પણ વાપરતા. એ પાણીમાં નાવાથી ચામડીના દર્દો પણ જાય છે. આમ ધોલેરા અતિ પ્રાચીન છે. હાલ ધોલેરાની વસ્તી ૪૦૦૦ જેટલી છે. પણ ફરીથી બંદરના વિકાસના કાર્યો સરકારશ્રીએ હાથ ધરેલા હોવાથી ફરી ઝડપભેર વિકાસ થવાની સંભાવના છે. ધોલેરા વિશ્વમાં શ્રેષ્ઠ હબ બનશે.

ભાલ વિસ્તારમાં હાલ શ્રી સ્વામિનારાયણ મંદિર - ધોલેરા, દર્શન એવં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

# ''ધોલેરા મંદિર નિર્માણ''



ધોલેરા ધામ એટલે શ્રી હરિનું અતિ વ્હાલુ ધામ. જેમ ભાલમાં (કપાળમાં) કંકુનો ચાંદલો શોભે તેમ ભાલ પ્રદેશમાં ધોલેરા શોભે કારણ ત્યાં ભાલદેશ રાજાધિરાજ શ્રી મદનમોહનજી મહારાજ બિરાજે છે.

ધોલેરા નરેશ શ્રી પુંજાભા તથા તેમના બહેનો અજુબા, ફુલીબા તેમજ ગામના ભાવિક ભક્તોને વશ થઈ શ્રીજીમહારાજ ધોલેરા પધાર્યા. ભવ્યાતિભવ્ય સ્વાગત થયું. પ્રભુચરણ રજથી ધોલેરા ગામ મટી ધામ થયું.

જેમાં ધર્મકુંડ સરોવર પર ઢોલિયો ઢાળી પ્રભુ બિરાજીત થયા અને ત્યાંજ જમ્યા. સામે બેઠેલા ભક્તોનો અતિ ભાવ જોઈ પ્રભુ કહે.

''જીયા બેસી અમે જમિયા, વળી ઢાળ્યો ઢોલિયો અમૂલ્ય. જુવો વિચારી જીવમાં,
કોણ આવે આ ભૂમિને તૂલ્ય. માટે મંદિર અહી આરંભો, અતિ ઉરે આણી આનંદ.

(પુરુષોત્તમપ્રકાશ પ્ર. ૩૫)

થાશે સરસ સહુથી એમ બોલિયા સહજાનંદ પછી શ્રી સ્વામિનારાયણ ભગવાને અતિ રાજી થઈ સ્વહસ્તે ખાતમુહૂર્ત કર્યુ અને સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામી, સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી, સ.ગુ. શ્રી ભાઈ આત્માનંદ સ્વામી, સ.ગુ. શ્રી નિષ્કામાનંદ સ્વામી તથા સ.ગુ. શ્રી ત્યાગાનંદ સ્વામી આમપાંચ સંતોને મંદિર નિર્માણ કરવા આજ્ઞા કરી. બધાજ સંતોના સાથ સહકારથી સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પોતામાં સમાયેલ અદ્‌ભુત કલાને

મંદિર નિર્માણ કાર્યમાં લગાવી. સુંદર મજાનું પાંચ શિખરવાળુ કલાત્મક મંદિર ટૂંક સમયમાં જ તૈયાર કર્યું કે જેને જોવા દેશ-પ્રદેશથી લોકો અંગ્રેજો વગેરે આવવા લાગ્યા.

સુંદર કલાત્મક મંદિર જોઈ સૌ કોઈ બોલી ઊઠતા. અદ્‌ભુત...અદ્‌ભુત...

ધોલેરા મંદિર એટલે શ્રીજીમહારાજના સંકલ્પનું દર્શન. ધોલેરા મંદિર એટલે સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીની કલા અને પ્રભુ ભક્તિનું દર્શન.



## શ્રી મદનમોહનજી મહારાજની પ્રતિષ્ઠા તથા મહિમા

જાણે અજાણે જે જન રે, કરશે મદનમોહનના દર્શન રે.
તે તો આલોક પરલોક માહી રે, મોટા સુખને પામે સદાઈ રે. પુ.પ્ર.૩૬

શ્રીજીમહારાજ અમદાવાદથી ચૈત્ર સુદ-૨ ના રોજ કમિયાળા પધાર્યા. સમાચાર મળતા પીપળીથી દાદભા, ગાંફથી માનભા ધોલેરાથી પુંજાભા બાપુ તથા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી, સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામી વગેરે દર્શને આવ્યા.

કમિયાળામાં રામનવમીનો સમૈયો ખૂબ જ ધામધૂમથી ઊજવ્યો. ત્યારબાદ શ્રીહરિ પૂર્ણીમા સુધી કમિયાળા જ રહ્યા. પરંતુ ધોલેરા દરબાર શ્રી પુંજાજી તથા શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ વિનંતી કરી પ્રભુ ધોલેરા પ્રતિષ્ઠા માટે પધારો ત્યારે ભક્ત મનોરથ પૂરણ કરવા પ્રભુ ધોલેરા ધામ પધાર્યા. સૌને આનંદ થયો.

શ્રી નારાયણ જોષીને બોલાવી પ્રતિષ્ઠાનું મુહૂર્ત જોવડાવ્યું. વૈશાખ સુદ-૧૩, શુક્રવાર સંવત ૧૮૮૨ ને ૧૯-૫-૧૮૨૬ નું મુહૂર્ત આવ્યું. ત્યાં સુધી પ્રભુ ભક્તભાવને વશ થઈ ધોલેરામાં જ રોકાયા ને ભાલના ભક્તોના ભાવ પૂરા કર્યા.

ગઢપુરમાં તૈયાર રાખેલી શ્રી મદનમોહનજી મહારાજની મૂરતિ પ્રભુએ મંગાવી ત્યારબાદ દેશ-દેશાંતરના ભક્તોને ધોલેરા શ્રી મદનમોહનજીની પ્રતિષ્ઠામાં આવવા માટે સ્વયં શ્રીજીમહારાજે પત્રો લખ્યા. લાખો ભક્તો સ્વયં સ્વામિનારાયણ ભગવાનનું આમંત્રણ મળતા સર્વે કામમુકીને ધોલેરા શ્રી મદનમોહનજી મહારાજની પ્રતિષ્ઠા મહોત્સવમાં પધાર્યા.

ઉમરેઠ, ભડિયાદ, રોજકા, પચ્છમ, ગાંફ, ધોલેરાના ભૂદેવોએ પ્રતિષ્ઠા કરાવી ત્યારે યજ્ઞમાં રહેલ પંચદેવની મૂર્તિ - શ્રી વિષ્ણુ, શીવજી, ગણપતિજી, શ્રી સૂર્યનારાયણદેવ, શ્રી હનુમાનજી આ તમામ મૂર્તિમાં સાક્ષાત્ દેવો પ્રગટ થયા.

તેમજ સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રી મદનમોહનજી મહારાજને બાથમાં લઈ સિંહાસનમાં પધરાવ્યા. જય જયકાર થયો.

કરી પૂજા આરતી ઉતારી રે, થયો જય જય શબ્દ ભારી રે.
સ્વયં શ્રી હરિ મૂરતિના વખાણ કરે, મદનનું પણ મોહે મન રે,
ત્યારે બીજા ના મોહે કેમરે. જેણે જેણે જોયા નયણે નાથ રે,
તેના સરી ગયા સર્વે કામ રે. પૂ.પ્ર. ૩૫

શ્રી હરિ શ્રી મદનમોહનજીની પ્રતિષ્ઠા આરતી કરી કહે છે કે આ મૂરતિ મદનને એટલે કે સ્વયં કામદેવને પણ મોહ પમાડે એવી છે. બીજાને કેમ ન પમાડે. અમને તો અતિપ્રિય શ્રી મદનમોહનજી મહારાજ છે. જેણેદર્શન

કર્યા તેના તો સર્વે કામ થઈ ગયા એવો અજોડ મહિમા ચમત્કાર આ સ્વરૂપમાં છે. આ સ્વરૂપમાં અમે કાયમને માટે છીએ એમમાની જે ભક્ત દર્શન કરશે, સેવા કરશે તેના મનોરથ અમે શ્રી મદનમોહનજીમાં રહી પૂરા કરીશું.

"વળિ પામશે પરમધામ- અંત સમયે અમારૂ ધામ આપીશું."

આજે પણ શ્રી મદનમોહનજી સાક્ષાત છે. આશરે ૪૦ વર્ષ પૂર્વે સ.ગુ. શ્રી માયાતીતાનંદજી ધોલેરામાં પૂજારી હતા અને સ.ગુ. શ્રી હરિપ્રિયદાસજી કોઠારી હતા. શિયાળાની બરાબર ઠંડી, રાત્રે અચાનક શ્રી મદનમોહનજી મહારાજના શરીર પરથી ગોદડી ખસી ગઈ ત્યારે બન્ને મહાન સંતોને શ્રી મદનમોહનજી મહારાજે દર્શન આપ્યા. અને કહ્યું તમે ગોદડી ઓઢી સુતા છો ને હું ટાઢે ઠરૂ છુ. પ.પૂ.બ્ર. શ્રી માયાતીતાનંદજીને કોણ નથી ઓળખતું ? જે હંમેશા ભગવાનની સાથે વાતો કરતા. આ સંતવિભૂતિ તુરંત મંદિર પર ગયા. આ બાજુ સ.ગુ. કો. શ્રી હરિપ્રિયદાસજી સ્વામી પણ આવ્યા. બન્ને એકબીજાને શ્રી મદનમોહનજીએ દર્શન આપ્યા તે વાત કરે. મંદિર ખોલી જ્યાં જુએ તો ખરેખર શ્રી મદનમોહનજી મહારાજની મૂરતિ પરથી ગોદડી ખસી ગઈ હતી. એકવાર ગરમ કઢી ધરાવેલી ત્યારે ફરી દર્શન આપી જીભ બતાવી પૂ.બ્ર. શ્રી માયાતીતાનંદજીને કહ્યું શિષ્યને કહેજો કઢી ગરમ-ગરમન ધરાવે. આમ અનંતવાર દર્શન આપતા.

જ્યારે ધોલેરાનો શતવાર્ષિક પાટોત્સવ હતો. પાણીની ખૂબજ તકલીફ હતી ત્યારે શ્રી મદનમોહનજી મહારાજે ચમત્કાર કરી શીવજીના મંદિર પાસે રહેલો કૂવો તેનું મીઠુ પાણી કરી તકલીફ દૂર કરી હતી.

આમ કલિયુગમાં સાક્ષાત્ પરચા પૂરતા શ્રી મદનમોહનજી મહારાજને શ્રી સ્વામિનારાયણ ભગવાને ધોલેરામાં પધરાવી સૂકા ભાલને લીલો કરી ભાગ્યવાન કર્યો છે.

**શ્રી મદનમોહનજી મહારાજ એટલે ભાલ દેશ રાજાધિરાજ.**



## ધોલેરાના શ્રી ઘનશ્યામ મહારાજનો મહિમા

ધોલેરાના દેવો અતિ ચમત્કારી છે. શ્રધ્ધાળુઓના સંકલ્પ સિધ્ધ થયાના ઘણા દાખલાઓ છે. હાલમાં પણ અનેક પરચા આપે છે.

ઈ.સ. ૧૯૪૦ માં એટલે કે અમુક વર્ષ પૂર્વે શ્રી મદનમોહનજી મહારાજ આદિ દેવોના પુજારી તરીકે પૂ.સ.ગુ. બ્ર. વિષ્ણુપ્રિયાનંદજીના મંડળની નિમણૂક થઈ. પૂ. બાલકૃષ્ણાનંદજી, શ્રી ઘનશ્યામાનંદજી વગેરે ૮ સંતોનું મંડળ હતું.

એ જમાનામાં મંદિર ઉતારામાં રાત્રે ફાનસનો ઉપયોગ થતો. એક દિવસ સવારે પાંચેક વાગે બ્રહ્મચારી મહારાજ શ્રી મદનમોહનજીની સેવા-મંગળા આરતી માટે ફાનસવાળા સેવકને લઈ મંદિર ખોલે ત્યાં અચાનક પવન લાગવાથી ફાનસ ઓલવાઈ ગયું. અંધારૂ થઈ ગયું. ફરી ફાનસ કરવા જાય તો વાર લાગે. સેવાનું મોડુ થાય એટલે ચિંતા થઈ ત્યાંજ શ્રી મદનમોહનજી મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજને કહે અજવાળુ કરો. ત્યાંતો શ્રી ઘનશ્યામ મહારાજના સ્વરૂપમાંથી દિવ્ય પ્રકાશ નીકળ્યો. પૂ. બ્રહ્મચારીજી ખુશ થઈ ગયા. સમયે સેવા-આરતી કરી જીવનની ધન્ય ઘડીનો સાક્ષાત્ અનુભવ કર્યો. આવા પ્રત્યક્ષ દેવોના દર્શનથી જ જન્માંતર મટે અને જીવનમાં સાચુ સુખ મળે છે. શું દિવ્ય સ્વરૂપો આપણને મળ્યા છે. જેટલો મહિમા સમજાય તેટલો જ લાભ છે. ધોલેરાના શ્રી ઘનશ્યામ મહારાજ એટલે એવું લાગે જાણે સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાન દર્શન દેવા ન ઊભા હોય. ધન્ય હો... ધન્ય હો...



ઢાલ



નંદી તથા શ્રી હરી સ્નાન કરતા તે પ્રસાદીનો પથ્થર



ઢોલિયો

## ''સભામંડપમાં દર્શનીય પ્રસાદીભૂત વસ્તુઓ''

હાલ સભામંડપમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસાદીભૂત તમામ વસ્તુ પધરાવવામાં આવેલ છે. જેના દર્શન માત્રથી સુખ-શાંતિનો અનુભવ થાય તેવા દિવ્ય દર્શન છે.


શ્રી પૂંજાભાઈ બાપુએ સ્વામિનારાયણ ભગવાનને ભેટ આપેલ (૧) રમણીય ઢાલ (૨) ત્રાંબાકુંડી, જ્યારે શ્રી હરિ ધોલેરા આવતા ત્યારે સ્નાન માટે તે ત્રાંબાકુંડીમાં જળ ભરતા. (૩) પથ્થર, જેના પર બેસી એક મહિનો



ત્રાંબાકુંડી



કઠોડી



બારણું

શ્રી હરિએ સ્નાન કરેલું - જેનો સ્પર્શ કરી સંકલ્પ કરવાથી સંકલ્પ સિધ્ધ થાય છે. જાણે ચિંતામણી ન હોય, (૪) જે ઢોલિયા પર બેસી ધોલેરા મંદિર બનાવવાનો સંકલ્પ કર્યો તે ઢોલિયો (૫) શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ બનાવેલ કલાત્મક નંદીશ્વર (૬) લાકડાની કોતરણીવાળી કઠોડી (૭) સુંદર કોતરણીવાળુ દ્વાર તથા સ.ગુ. શ્રી વ્યાપકાનંદ સ્વામીનો પ્રસાદીનો ખડીયો - શ્રીહરિ બેઠા હોય તે પ્રસાદીની ગોદડીયો, વસ્ત્રો, છત્ર, બાજરો તથા પ્રસાદીના ચરણાર્વિંદો - સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીને અતિ પ્રસન્ન થઈ શ્રી હરિએ એક જ ખેસ પર આપેલા ૧૮ જોડ ચરણાર્વિંદ જે સંપ્રદાયનું નજરાણુ કહેવાય. આમ ધોલેરાનો સભામંડપ અતિ દર્શનીય-સ્મરણીય છે જે સભામંડપમાં સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી સંતમંડળ સાથે જ્યારે આવે ત્યારે રહેતા. જેના ભાગ્યનો ઉદય થાય તેને જ આ અદ્‌ભુત દર્શનનો લાભ મળે.



**''શ્રી નિષ્કુળાનંદ સ્વામીને શ્રીહરિ દ્વારા મળેલ અદ્વિતીય ભેટ એટલે કે એક ચાદર પર ૧૮ જોડી ચરણાર્વિંદ.''**

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પોતાનું સંપૂર્ણ કૌશલ્ય મંદિર નિર્માણમાં વાપરી રાત્રી-દિવસ જોયા વગર મંદિરનું કાર્ય કર્યું. કેવળ છાશ-રોટલો એકવાર જમતા. અને આખો દિવસ મંદિરનું કાર્ય કરતા જેથી શરીર પણ દૂબળુ થઈ ગયેલ.

એકવાર અચાનક શ્રી હરિ ધોલેરા આવ્યા. સ્વામી તો બરાબર કામમાં લાગેલા. જ્યારે મહારાજે સ્વામીનું કાર્ય જોયુ. સ્વામીનું શરીર જોયું ત્યારે

મહારાજને થયું કે કેવળ મને રાજી કરવા પોતાના શરીર સામુ પણ જોયા વિના આટલુ સુંદર કામ કરે છે. ધન્ય છે આ સંતને!

ત્યાંતો સ્વામીની નજર મહારાજ તરફ ગઈ રાજી થઈ ગયા. અરે પ્રભુ આપ? સ્વામીને શ્રી હરિ બાથ લઈ મળવા જાય. સ્વામી કહે પ્રભુ મારૂ શરીર માટીવાળુ છે. આપના વસ્ત્ર બગડશે ત્યારે શ્રી હરિ કહે સ્વામી તમારાથી વિશેષ કપડા નથી.

આજે તમારી સેવા જોઈ મને એવું થાય છે કે આજ દિવસ સુધી કોઈને ન આપી હોય તેવી ભેટ તમને આપવી છે. એમ કહીને એક ચાદર પર શ્રી સ્વામિનારાયણ ભગવાન અતિ રાજી થઈ નાચવા લાગ્યા અને ૧૮ જોડી ચરણાર્વિંદ પાડી તે પ્રસાદીની ચાદર સ્વામીને ભેટ આપી. જે સંપ્રદાયમાં અદ્વિતીય છે. એક ચાદર પર એકસાથે ૧૮ જોડી ચરણાર્વિંદના દર્શન થતા હોય તો તે માત્રને માત્ર ધોલેરામાં જ છે. જેના દર્શનમાત્રથી ભક્તોના સંકલ્પ સિધ્ધ થાય છે. અતિ ચમત્કારી છે. જેના હાલ ધોલેરા સભામંડપમાં દર્શન થાય છે.



## ''શ્રી નિષ્કુળાનંદ સ્વામી દ્વારા નિર્મિત મંદિરના મુખ્ય દ્વાર પર શોભતી હાથી મુખાકૃતિ કમાન''

ધોલેરા મંદિરના મુખ્યદ્વાર પર શોભતી કલાત્મક હાથી મુખાકૃતિ કમાન એટલે, સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીની કલાના

અદ્‌ભુત દર્શન. એ કમાન એટલે એક મહાન સંત અને એક ઉત્તમ હરિભક્તના પ્રભુપ્રેમનું પ્રતીક.

ગાંફ ઠાકોર સાહેબ માનભા બાપુ સ્વામીના શિષ્ય હતા. તેમના આગ્રહને વશ થઈ સ્વામી તેમના ઘરે પધરામણી કરવા ગયા.

સ્વામીનું સ્વાગત-પૂજન કરી ખૂબજ ભક્તિભાવપૂર્વક ઘરમાં પધરામણી કરાવી.

સ્વામી સાથે વાત કરતા ઠાકોર સાહેબ કહે છે કે સ્વામી આપ મહારાજને રાજી કરવા ધોલેરા મંદિર નિર્માણ કરો છો - મને ખબર છે આપ આપના શરીર સામુ પણ જોતા નથી. જો આપ આટલું કરતા હોય તો મંદિર નિર્માણમાં જે ધન જોઈએ તે મારૂ જ વાપરો. લો આ સોના મહોરો.

ઠાકોર સાહેબનો આવો ભાવ જોઈ સ્વામી કહે અમારે પૈસા નહિ પણ બીજુ જોઈએ. અરે જે જોઈએ તે આપુ. સ્વામી કહે પેલો પથ્થર આપો, પણ સ્વામી પથ્થર શું કરશો ? બસ તમારો પ્રભુ પ્રેમજોઈ થયુ કે તમારા ભાવને ભક્તિને કાયમભક્તો યાદ કરે એટલે એ પથ્થરની કલાત્મક કમાન બનાવી મંદિરના મુખ્ય દ્વાર પર મૂકવી છે. જે કાયમ તમારી જેવા પ્રભુપ્રેમી-સંતપ્રેમી ભક્તોની ભક્તિ યાદ કરાવે.

આમ બીજી પણ સ્વામીની અનંત કૃતિઓ છે. શ્રી મદનમોહનજી મહારાજ આગળનું આરસનું બારસાખ, હવેલી, શ્રી મહાદેવજીનું લીંગ, શ્રી નંદીશ્વર, કોતરણીયુક્ત દ્વાર, કઠેડો, વડતાલ બાર બારણાનો અદ્‌ભુત હિંડોળો તેમજ શ્રીહરિની અંતિમયાત્રાની પાલખી વગેરે સ્વામીની કલા દર્શાવતી પ્રસાદીની વસ્તુઓ ધોલેરામાં તેમજ અન્ય ધામમાં હાલમાં છે.

સ્વામીના હાથમાં ટાંકણો હોય તો પથ્થર બોલતો થઈ જાય. રંધો હોય તો લાકડામાં ડિઝાઈન પડી જાય અને કલમ હોય તો કાવ્યો-કિર્તનો રચાઈ જાય.

## ''શ્રી નિષ્કુળાનંદ સ્વામી દ્વારા રચિત ગ્રંથો''



સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ સંપ્રદાયને સાહિત્યની દૃષ્ટિએ જોઈએ તો ૨૩ જેટલા ગ્રંથો ભેટ આપ્યા છે. જેવાકે,

૧. પુરૂષોત્તમ પ્રકાશ ૨. સ્નેહગીતા ૩. વચનવિધિ ૪. સારસિદ્ધિ ૫. ભક્તનિધિ ૬. હરિબલગીતા ૭. હૃદયપ્રકાશ ૮. ધીરજાખ્યાન ૯. હરિસ્મૃતિ ૧૦. ચોસઠપદી ૧૧. મનગંજન ૧૨. ગુણગ્રાહક ૧૩. હરિવિચરણ ૧૪. અરજી વિનય ૧૫. કલ્યાણ નિર્ણય ૧૬. અવતાર ચિંતામણી ૧૭. ચિહ્ન ચિંતામણી ૧૮. પુષ્પ ચિંતામણી ૧૯. લગ્ન ચિંતામણી ૨૦. યમદંડ ૨૧. વૃત્તિવિવાહ ૨૨. શિક્ષાપત્રી ભાષ્ય ૨૩. ભક્તચિંતામણી વગેરે તેમજ અનંત કિર્તનો અને કાવ્યો.

સ્વયં શ્રી મહાત્મા ગાંધીજી પણ સ્વામીએ રચેલ પદ ''ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના'' તેનાથી ઘણા પ્રભાવિત થયા હતા. આમ સાહિત્ય સમ્રાટ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ સત્સંગની ખૂબજ સેવા કરી પ્રભુ પ્રસન્નતા ઉપરાંત સંતો-ભક્તોની પ્રસન્નતા પ્રાપ્ત કરી છે.



## ''શ્રીજીમહારાજની બેઠક''

હાલ ધોલેરા મંદિરની પશ્ચિમ ભાગમાં કલાત્મક પ્રસાદીભૂત બેઠક છે. જ્યાં શ્રી સ્વામિનારાયણ ભગવાન જ્યારે ધોલેરા આવતા ત્યારે સભા કરતા.

જ્યારે ધોલેરા શ્રી મદનમોહનજી મહારાજની પ્રતિષ્ઠા હતી ત્યારે ગઢપુરથી લાવેલી રાધા સહિત શ્રી મદનમોહનજીની મૂરતિઓને હાલ જ્યાં બેઠક છે ત્યાં એક ઓરડામાં રાખી હતી.

શ્રીજી સ્વયં ત્યાં મૂરતિ જોવા આવ્યા અને ખૂબજ વખાણી. જે-તે દિવસે ગાંફના બ્રાહ્મણ દેવકૃષ્ણ વ્યાસે જે ઓરડામાં મૂરતિ રાખી હતી તેની આજુબાજુની જમીન તે માલિક પાસે ૩૨૦૦૦ હજારમાં ખરીદી અને જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સભા ભરીને બેઠેલા તે ભૂમિઉપર પથ્થરની કોતરણીવાળી કલાત્મક બેઠક બનાવી ચરણાર્વિંદ પધરાવ્યા. જુના સંતોના કહેવા પ્રમાણે એ બેઠકના જે દર્શન કરે તેને દત્તાત્રેયના દર્શનનું ફળ મળે છે. આવી સુંદર શ્રીજી પ્રસાદીભૂત બેઠક મંદિરનું નજરાણું છે.




## ''ચમત્કારી શ્રી હિંગળાજીયા હનુમાનજી''

શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રી મદનમોહનજી મહારાજની પ્રતિષ્ઠા કરી, દેવોનો મહિમા બતાવતા શ્રી હરિ કહે છે કે જે કોઈ અહી મંદિરમાં નાનું-મોટુ દાન આપશે તેના મનોરથ પૂર્ણ થશે. ધોલેરાના દેવોનો આવો મહામૂલો મહિમા સાંભળી પૂંજાજી વગેરે ભક્તોએ ૨૦,૮૦૦ વિઘા જેટલી જમીન ધોલેરા મંદિરને ભેટ આપી.

એમાં પણ હિંગળાજીયા તરફની જમીનમાં પશુઓ, વટેમાર્ગુ વગેરે પાકને ખૂબજ નુકશાન પહોચાડતા જેથી કોઈએ પૂ. મોહનસ્વામીએ કહ્યું સ્વામી પાકને લોકો નુકશાન બહુ કરે છે માટે કાઈક કરો.

તેમણે કહ્યું શ્રી હનુમાનજી દક્ષિણ દિશાના દેવ છે. તેમનું મંદિર થાય તો જ સુખ થાય એમ વિચારતા. પૂ. ગોપાળાનંદ સ્વામીના પૂજેલા શ્રી કષ્ટભંજનદેવ સાળંગપુરનું નાનુ સ્વરૂપ મળ્યુ જે અતિ ચમત્કારી છે. પૂ. ભાઈ આત્માનંદ સ્વામીના શિષ્ય પૂ. સંતદાસજી સ્વામીએ શ્રી હિંગળાજીયા હનુમાનજીની પ્રતિષ્ઠા કરાવી, દિવસે-દિવસે પરચા જોઈ લોકો બાધા રાખતા થયા અને દાદા કામ કરવા લાગ્યા. આમ સાળંગપુર શ્રી કષ્ટભંજનનુ જ નાનુ સ્વરૂપ લાગે છે અને એમા પણ સ્વામીએ પૂજેલુ. એવુ જુના સંતો પાસે સાભળ્યુ છે. માટે અતિ ચમત્કારી દાદા એટલે ધોલેરાના શ્રી હિંગળાજીયા હનુમાનજી દાદા.







## "અતિ પ્રાચીન ખાંડેશ્વર મહાદેવ"

ખાંડેશ્વર મહાદેવ એટલે ધોલેરાની ઐતિહાસિકતા, શ્રી સ્વામિનારાયણ ભગવાન વર્ણીવેશે ૧૮૫૬ માં ધોલેરા આવ્યા ત્યારે રાત્રિ મુકામ ખાંડેશ્વર મહાદેવમાં કર્યો હતો.

ખાંડેશ્વર મહાદેવનો જુનો ઈતિહાસ એવો છે કે શ્રી સ્વામિનારાયણ મંદિરની પૂર્વે ધર્મકુંડ સરોવર છે. વર્ષો પહેલા ગોવાળિયા ગાયો ત્યાં ચારતા ત્યારે એક ગાય તેજ સરોવરમાં જઈ એક જગ્યાએ ઊભી રહેતી અને આંચળમાંથી આપો આપ દૂધ-ધાર તે ભૂમિમાં થતી.

ગાયના માલિકને થયું ગોવાળ મારી ગાય દોહી લે છે. એકવાર તપાસ કરતા ખ્યાલ આવ્યો કે ગાય કોઈ દેવતાઈ લાગે

છે. તેજ દિવસે ગામના કોઈ ભક્તને શીવજીએ દર્શન આપી જમીનમાંથી બહાર કાઢવા કહ્યું. જે જગ્યાએ ગાય દૂધ ધારા કરતી ત્યાં ખોદકામ કરતા મહાદેવજીનું લીંગ મળી આવ્યું. તેના પર હથિયાર વાગતા લોહી નીકળી આવ્યુ. ખંડિત થયા એટલે ''ખંડેશ્વર મહાદેવ'' નામથી ઓળખાવા લાગ્યા. ચમત્કારી મહાદેવ જાણી વડોદરા ખાંડેરાવ મહારાજાએ મંદિર બનાવી આપ્યુ તથા પૂજારીને વર્ષાસન બાંધી આપ્યું એટલે ''ખાંડેશ્વર'' નામે પ્રસિધ્ધ થયા. જ્યાં વર્ણિવેશે શ્રીજીમહારાજે તેમની પૂજા-અભિષેક કર્યો. વર્ણીને જોઈ ગામના ભાવિક ભક્તો દર્શને આવવા લાગ્યા. એમાં કોઈ સુથાર આવ્યો. વર્ણીના દર્શન કરી ઘણો પ્રેમ થયો એટલે પગમાં પહેરવા સુંદર કાષ્ટની ચાંખડી ભેટ આપી. તેને રાજી કરવા પ્રભુ ચાખડી પહેરી થોડુ ફર્યા પછી ત્યાના પૂજારીને અતિપ્રસન્ન થઈ ભેટ આપી જે હાલ ખાંડેશ્વર મહાદેવમાં છે.

બીજુ શ્રીજીમહારાજે શમી કહેતા ખીજડાનું પૂજન કરેલુ તે પ્રસાદીનો ખીજડો પણ ખાંડેશ્વર મહાદેવમાં છે. આમશ્રી ખાંડેશ્વર મહાદેવજી ઐતિહાસિક અને આધ્યાત્મિક દષ્ટિએ બેનમૂન છે.



## ''દરબારી ચોરો''

શ્રીજી પ્રસાદીભૂત ધોલેરાનો દરબારી ચોરો જ્યાં એ જમાનામાં દરબારો સભા કરી રોજ બેસતા. જ્યારે શ્રીજીમહારાજ વર્ણીવેશે ધોલેરા ખાંડેશ્વર પધાર્યા ત્યારે વર્ણીના દર્શનથી દરબાર શ્રી પૂંજાજી વગેરે ખૂબ જ રાજી થયા અને સવારે પ્રાર્થના કરી કે વર્ણીરાજ આપ દરબારી ચોરે પધારો. ભક્તોનો ભાવ જોઈ પ્રભુ ચોરે પધાર્યા.

શ્રી પુંજાભાઈ બાપુ તેમજ બીજા ભકતોએ મળી ત્યાં ચોરામાંજ શ્રીજીમહારાજને (વર્ણીને) ટીમણ એટલે કે નાસ્તો કરાવ્યો અને કાયમ રહેવા વિનંતી કરી ત્યારે પ્રભુએ વચન આપતા કહ્યું ફરી આવીશું અને અવાર-નવાર યોગ થાય તેવું કરીશું.

જે ૧૮૮૨ વૈશાખ સુદ-૧૩ ના રોજ ધોલેરા મંદિરમાં શ્રી હરિએ શ્રી મદનમોહનજી મહારાજની સ્થાપના કરી વચન પુરૂ કર્યુ. શ્રી પૂંજાભાઈ બાપુ કહે તેદીનું વચન આજે પૂરૂ કરી આપે ભક્તાધીન નામ સાર્થક કર્યુ છે. વાહ પ્રભુ વાહ.



## ''દરબાર શ્રી પૂંજાભાઇ બાપુની મેડી, જ્યાં માખણના ભજીયા શ્રીહરિ જમ્યા.''

ધોલેરા દરબાર શ્રી પૂંજાભા બાપુને બે બહેનો હતા. અજુબા અને ફુલીબા. જેઓની નિરાવરણ દૃષ્ટિ હતી. એકવાર એવુ થયુ કે શ્રી હરિ ગઢપુરથી સંતો-ભક્તો સાથે વડતાલ આવવા નીકળ્યા. રસ્તામાં સુરાખાચર કહે મહારાજ ભણુ ભુખ બહુ લાગી છે ત્યારે શ્રીજી મહારાજ કહે એ ભૂખ તો ધોલેરામાં ભાંગશે.

આ બાજુ ફુલીબાને ધોલેરામાં બેઠા-બેઠા ખ્યાલ આવી ગયો કે મહારાજ સંતો-ભક્તો સાથ ધોલેરા આવે છે. ખુશ ખુશ થઈ ગયા. વિચારે આજે મહારાજને શું જમાડુ ભાવમાં ને ભાવમાં માખણનાં ભજીયા જમાડવાનો સંકલ્પ કર્યો. મહારાજ પધાર્યા. જમવાનું માંગ્યુ ને ફુલીબાએ

પોતાના હાથે મહારાજને માખણના ભજીયા જમાડ્યા. સૌને આશ્ચર્ય થયું. માખણના ભજીયા કેમ બન્યા ? પણ પ્રભુ પ્રત્યેના ફુલીબાના ભાવને કારણે માખણ પણ તેદિ ભજીયા સ્વરૂપે થયું. આ પ્રસંગ શ્રી પૂંજાભા બાપુના પરિવારની શ્રીહરિ પ્રત્યેની અનન્ય ભક્તિના દર્શન કરાવે છે. જે મેડી પર બેસી પ્રભુ માખણના ભજીયા જમ્યા હતા તે હાલમાં છે જેના દર્શનથી સૌનું મંગળ થાય છે.



## ‘‘જેવા ફુલીબા તેવા જ અજુબા’’

પ.ભ. શ્રી પુંજાભાઈ બાપુના બહેન અજુબા પણ અતિપ્રેમી ભક્ત હતા. એકવાર પ્રભુ સુરતથી કાઠી દરબારોના સંઘ સાથે ગઢપુર આવવા નીકળેલ રસ્તામાં સુરાખાચર તથા અલૈયાખાચર કહે મહારાજ ગળપણ ખાઈ-ખાઈ ધરાઈ ગયા. હવે તો તીખુ-ખારૂ જો મળે તો મજા આવે.

શ્રી હરિ એ ધોલેરા અજુબાને સ્વપ્નમાં દર્શન દઈ કીધુ કે પુડલા-વડા-રોટલા બધુ તૈયાર કરો. હું સાંજે સંઘ સાથે આવુ છુ. સવારે શ્રી પૂંજાભાઈને અજુબા કહે ભાઈ જાવ રસોઈ માટે આટલી વસ્તુ બજારથી લાવી આપો. આવુ સ્વપ્ન થયુ. ત્યારે પૂજાજી કહે એતો તને પ્રભુમાં પ્રેમછે એટલે એવો ભાસ થયો ત્યારે વળી ફુલીબાએ કહ્યુ ના ભાઈ અજુબાનું સ્વપ્ન ખોટુ ના હોય.

રસોઈ તૈયાર કરી. સાંજે ૫ વાગે ધામધૂમથી પ્રભુની પધરામણી થઈ દરબારી ચોરે શ્રી હરિ સ્વયં જમ્યા અને સુરાખાચર આદિ ભક્તોને પુડલા-વડા જમાડી રાજી કર્યા.

બીજો પ્રસંગ એવો છે કે એકવાર બુધેજથી પ્રભુ નીકળ્યા. સૌ ભક્તોને ભૂખ લાગેલ. પ્રભુ કહે જેને જે ખાવુ હોય તે સંકલ્પ કરો. ધોલેરામાં અજુબા ત્યાં બેઠા થકા જુએ છે, સાંભળે છે અને સંકલ્પ પ્રમાણે રસોઈ બની જશે. વિચારો શ્રી પુજાભાઈના બહેન અજુબા પણ કેટલા ઉચ્ચ કોટિના ભક્ત હશે !

જ્યારે શ્રીહરિ સંઘ સાથે ધોલેરા પધાર્યા ત્યારે સૌના સંકલ્પ મુજબ રસોઈ તૈયાર હતી. બરાબર રાતના દશ વાગે સૌને જમાડ્યા. અજુબાએ શ્રીહરિને અતિભાવથી પરસુદીની સેવ પીરસી પણ ખાંડને બદલે મીઠુ નાખ્યુ.

સુરાખાચરે તો વડા ખાવાનો સંકલ્પ કરેલો જેને જે સંકલ્પ કરેલો તેજ જમવાનું હતું. ભગવાનને પરસુદીની સેવ જમતા જોઈ સુરાખાચરને મન થયુ એટલે સુરોખાચર કહે પ્રભુ લાંબુ-લાંબુ શું જમો છો. ત્યારે પ્રભુ કહે તમારાથી ખાધુ જાય તેવુ નથી. જ્યારે અજુબાને ખ્યાલ આવ્યો કે મે સાકરને બદલે મીઠુ નાખેલુ ત્યારે તે દિલગીર થઈ પ્રભુને કહે પ્રભુ સાકરને બદલે સેવમાં મીઠુ નાખ્યુ તોય આપ ખૂબજ સરસ બનાવી એવુ બોલતા જમી ગયા !

ત્યારે શ્રીહરિ કહે તમારા ભાવને કારણે મીઠાએ પણ સાકરનું જ કામ કર્યું.

આવા અતિપ્રેમી ભક્ત હતા અજુબા પણ. (અદ્‌ભુતાનંદસ્વામીની વાત-૮૫,૮૬)



## ''શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું''

ધોલેરામાં બહેનોના સત્સંગના વિકાસ માટે તેમજ સાંખ્યયોગી બહેનોને રહેવાની સુગમતાને ધ્યાનમાં લઈ સ.ગુ. કો. સ્વામી શ્રી હરિજીવનદાસજીની પ્રેરણાથી કો. સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજીએ પ.પૂ.સ.ગુ. શ્રી અથાણાવાળા સ્વામીના સાથ સહકારથી સુંદર મજાનું બહેનોનું મંદિર નવનિર્માણ કર્યું. જ્યાં આજે પણ રોજ બહેનોનો સત્સંગ થાય છે. સાં.યો. શ્રી ગૌરીબા, સાં.યો. શ્રી મધુબા તથા સાં.યો. શ્રી નીતાબેન મંદિરમાં રહી સત્સંગ સેવાના કાર્ય કરે છે.

બહેનોના મંદિરમાં શ્રીજીમહારાજની પ્રસાદીની મૂરતિ અતિ સુંદર અને દર્શનીય છે. પ્રસાદીના ચરણાર્વિંદ પણ છે. જેના દર્શન માત્રથી હૃદયમાં શાંતિ થાય અને સંકલ્પો સિધ્ધ થાય છે.



## ''સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીની જીવન ઝરમર''

''નિષ્કુળાનંદ મહાશૂરવીર, કવિ ને તપસ્વી ત્યાગી તપધીર''

(નંદમાળા-મંજુકેશાનંદજી)

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીનો જન્મ સં. ૧૮૨૨ મહા સુદ-૫ ના રોજ જામનગર જીલ્લાના શેખપાટ ગામે થયો. પિતાનું નામ રામજીભાઈ તથા માતાનું નામ અમૃતબાઈ હતુ.

જેઓ પહેલા લતીપુર ગામમાં રહેતા, એમના ગુરૂ શ્રી આત્માનંદ સ્વામી હતા તે રામાનંદ સ્વામીના પણ ગુરૂ હતા. "સ્વામીએ આશિર્વાદ આપેલા કે રામજી તારા ઘરે મહામુક્તનો જન્મથશે. એજ ધોલેરા મંદિરના નિર્માતા એવા સંત શ્રી નિષ્કુળાનંદ સ્વામી જેઓનું પૂર્વાશ્રમનું નામ"લાલજી સુથાર" હતું.

સં. ૧૮૬૦ માં શ્રીજીમહારાજે શેખપાટમાં વસંત ઉત્સવ કર્યો અને કચ્છ જવા "લાલજી સુથારને શ્રીજીમહારાજે ભોમિયા તરીકે સાથે લીધા. લાલજીએ સાથે લીધેલ પૈસા શ્રીહરિએ ચોરોને અપાવી દીધા. સુખડી ભિક્ષુકને અને પાણી મહાપુરૂષ (રામાનંદસ્વામી) ને અપાવી દીધુ. રસ્તામાં જ્યારે લાલજી સુથારને તરસ લાગવાથી પીડા થઈ ત્યારે ખારા સમુદ્રમાં શ્રીહરિએ સ્વપ્રતાપથી મીઠી વીરડી કરી અને લાલજીએ પાણી પીધુ. થોડી વારે જોયુ તો પાછુ પાણી ખારૂ થઈ ગયું.

અધોઈ આવ્યું. વૃક્ષની છાયામાં પ્રભુ ચરણાર્વિંદમાંથી લાલજીએ કાંટા કાઢ્યા ત્યાતો ૧૬ ચિહ્ન દર્શન થયા. પ્રભુ કહે ભૂખ બહુ લાગી છે ત્યારે લાલજી કહે મે તો જમવાનું લીધુ હતુ. આપે ઉદાર થઈ રસ્તામાં અપાવી દીધુ. પૈસા પણ ચોરોને અપાવી દીધા ને હવે કહો છો ભૂખ લાગી છે. પ્રભુ કહે ગમે તે થાય ગામમાં ભિક્ષા માગી આવો. લાલજી કહે અરે આ તો મારી સાસરી છે. બધા મને ઓળખે છે. શ્રીહરિ કહે કોઈ ઓળખે નહિ તેવા કરી દઉ એમ કહી સાધુની અલફી પહેરાવી. દાઢી-મૂછ મુડી જોળી આપી કહ્યુ તમારી સાસરીમાંથી ભિક્ષા લાવો. ગયા ત્યાતો તેમના પત્નીને આશ્ચર્ય થયુ. સાસુને બોલાવી કહ્યુ જુઓ જમાઈ આવ્યા. ત્યારે સાસુ કહે નાના છોકરાને આગળ મૂક એટલે વૈરાગ જતો રહેશે. સ્વામી કહે હવે ભેખ લીધો તે લીધો. પોતાની પત્નીને કહે તારે હરિનો રાજીપો જોઈએ તો રોટલો બનાવી આપ. રોટલો બનાવી આપ્યો. શ્રી હરિ જમ્યા ને કહ્યુ કે હવે તમે કુળતજી

નિષ્કુળ થયા એટલે તમે આજથી નિષ્કુળાનંદ સ્વામી થયા. શ્રીહરિએ આજ્ઞા કરી તમે થોડા દિવસ અહી જ રહી સત્સંગ કરો તથા ગ્રંથની રચના કરો. સ્વામી કહે પ્રભુ હું ભણેલો નથી, કાળા અક્ષર કુહાડે માર્યા છે. શ્રીહરિ કહે જાવ તમે જે લખશો તે કાવ્ય થશે, બોલશો તે કિર્તન થશે.

પ્રભુનું વરદાન મળતા સ્વામીની કલમમાં સાક્ષાત્ સરસ્વતી આવી ગયા. સૌ પ્રથમ અધોઈમાં "યમદંડ" નામના ગ્રંથની રચના કરી, સત્સંગ કર્યો. બીજા ૨૩ જેટલા ગ્રંથની રચના સ્વામીએ કરેલ છે. પ્રભુ બે દિવસ કચરા ભક્તને ત્યાં રોકાઈ એકલા જ કચ્છ ગયા.

સ્વામીને કાનજી તથા માધવજી બે દિકરા હતા. જેમા માધવજીને સ્વામીએ સત્સંગ કરી સંત બનાવી ગોવિંદાનંદ સ્વામી નામઆપ્યુ. જે શ્રી ગોપાળાનંદ સ્વામી સાથે રહેતા. જેમણે સાળંગપુર શ્રી હનુમાનજીની પ્રતિષ્ઠાની આરતી ઉતારી છે. સ્વામી વિશે શ્રી હરિએ વચનામૃતમાં પણ કહ્યું છે. જેમ મયારામભટ્ટ, મૂળજી બ્રહ્મચારી તથા નિષ્કુળાનંદ સ્વામી છે તેને સ્ત્રી-ધનાદિક પદાર્થનો જોગ થાય તો પણ એ ડગે નહી. (વ.ગ.અ.પ્ર.૨૬)

જેના હૃદયમાં શ્રી હરિનો મહિમા ભરપૂર રહેલો છે એવા જડભરતજીના અવતાર વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી સંવત ૧૯૦૪ ના અષાઢ વદ-૪ ને ગુરૂવાર તા. ૨૭-૭-૧૯૦૪ ના અષાઢ વદ-૪ ને ગુરૂવાર તા. ૨૭-૭-૧૮૪૮ ના રોજ ધોલેરા મંદિરમાં ધામમાં ગયા. જ્યાં પૂ. સ્વામીનો અગ્નિસંસ્કાર કર્યો હતો ત્યાં હાલ છત્રી છે. બાજુમાં શ્રી હિંગળાજીયા હનુમાનજી છે.



# ''સ.ગુ. શ્રી અદ્ભુતાનંદ સ્વામી''

અદ્ભુતાનંદ બેઉના નામ રૂડા ગુણ તણા છે ધામ. (નંદમાળ-મંજુકેશાનંદજી)

સ.ગુ. શ્રી અદ્ભુતાનંદજીનો જન્મ સં. ૧૮૩૯ કડુ ગામે થયો. પિતાનું નામ સંઘા પટેલ, માતાનું નામદેવબાઈ અને તેમનુ નામ કલ્યાણદાસ હતું તથા તેમને ત્રણ ભાઈ હતા. વજુભાઈ, વિઠ્ઠલભાઈ તથા કુબેરભાઈ.

સં. ૧૮૬૪ માં તેમનું વેવિશાળ થયું અને જ્યારે તેઓ લગ્નની ચોરીએ હતા ત્યારે કારિયાણી, લોયા વગેરે ૧૮ ગામના ગામધણી શ્રીજી આદેશ પત્રથી સાધુ દીક્ષા લઈ નીકળેલા. તેમના મામા અજા પટેલ (મેથાણ) તેમને પણ શ્રીજી મહારાજનો પત્ર વાંચી સાધુનો વેશ લીધો અને મંડળ સાથે ચાલી નીકળ્યા. આ સમાચાર કલ્યાણદાસને મળ્યા. તેમને પણ પત્ર વાંચ્યો જેમાં ૧૮ જણાના નામલખી આજ્ઞા કરેલ કે તમે જ્યાં હોય ત્યાંથી જ સાધુ બની જાઓ તેમજ આદિ શબ્દ લખેલો તે વાંચી કલ્યાણદાસ કહે આદિમાં હુ પણ આવી જાવ. એમ કહી એક મીંઢળબંધો યુવાન કલ્યાણદાસ સંત થઈ શ્રીજી દર્શને નીકળી પડ્યા. શ્રીજીમહારાજે તેમનું અદ્ભુત કામજોઈ ''અદ્ભુતાનંદ સ્વામી'' નામ આપ્યુ તેજ ધોલેરા મંદિરના નિર્માણમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીને સાથ આપનાર સ.ગુ. શ્રી અદ્ભુતાનંદ સ્વામી.


ભાઈ વજુભાઈ મનાવવા આવ્યા તો તેમને વૈરાગ્ય ચડાવી સંત કરી દીધા અને ''નિષ્કામાનંદ'' નામ આપ્યુ. જેઓએ પણ ધોલેરા મંદિરના નિર્માણમાં ઘણુ યોગદાન આપેલું તથા બીજા ભાઈ વિઠ્ઠલને પણ સંત બનાવી ''ચૈતન્યાનંદ નાના'' એવું નામ આપ્યું.

પ.પૂ. અદ્ભુતાનંદ સ્વામીએ ભાલ પ્રદેશના અનેક ગામડાઓમાં સત્સંગ કર્યો. ધોલેરાના કામની

જવાબદારી લીધી તેમજ વારણા-ખસ્તા વગેરે ગામોમાં શ્રી હનુમાનજીની સ્થાપના કરી જે હાલમાં અતિ ચમત્કારી છે.

મહારાજની આજ્ઞાથી સ્વામી ચરોતરના ગામડાઓમાં સત્સંગ કરતા એમાં ખાંધલી (નાપા) ના હરિભક્તોએ સ્વામીની ખૂબ સેવા કરી રાજીપો મેળવ્યો. સ્વામીએ ત્યાં મંદિર કર્યુ. આજે પણ શ્રી અદ્‌ભુતાનંદ સ્વામી તથા સ.ગુ. શ્રી જ્ઞાનજીવનદાસજી (વિરસદવાળા) ના આશિર્વાદથી ખાંધલી ગામસુખી છે.

આમ, ગામડાઓમાં સત્સંગ કાર્ય કરતા ૧૯૩૯ ના કાર્તિક સુદ-૪ ના દિવસે વડતાલમાં ધામમાં ગયા.



## ‘‘સ.ગુ. શ્રી ભાઈ આત્માનંદસ્વામી’’

‘‘આત્માનંદ ભાઈ અતિ શૂરવીર સદા હરિ આજ્ઞા પાળ્યામાં ધીર

(નંદમાળ - મંજુકેશાનંદજી)

જન્મભૂમિ :- મૂળગામલાખીયાણી, રાજસ્થાનનું ઉટવાડા ગામજે મોસાળ હતું.

જ્ઞાતિ :- જન્મ ક્ષત્રિય જાડેજા જ્ઞાતિના રાજકુટુંબમાં.

પૂર્વાશ્રમનું નામ :- અભયસિંહજી.

સ.ગુ. શ્રી ભાઈ આત્માનંદ સ્વામીનો જન્મ સમય નિશ્ચિત નથી પણ સ્વામી ૧૨૦ વર્ષ સુધી રહ્યા એટલે અંદાજીત ૧૭૯૬ ની સાલમાં સ્વામીનો જન્મથયો હતો.

સ્વયં ભાઈ આત્માનંદ સ્વામીએ કહેલુ કે હું ૪૦ વર્ષ ઘરે રહ્યો, ૨૦ વર્ષ તીર્થયાત્રા કરી સંત સમાગમ કર્યો, યોગ સાધના કરી અને સંવત ૧૮૫૮ મેઘપુરમાં શ્રીહરિને સૌપ્રથમ મળ્યો. દર્શન કર્યા ત્યારથી સત્સંગમાં છુ.

મોટાભાઈ રામદાસ સ્વામી બિમાર હતા ત્યારે શ્રી હરિએ પૂછ્યું તમારે કોની સાથે અતિસ્નેહ છે ? ત્યારે પૂ. ભાઈ રામદાસ સ્વામી કહે આત્માનંદ સ્વામી સાથે. કારણ તેમને ખૂબ જ સ્નેહ છે અને તેમની સ્વધર્મનિષ્ઠા દ્રઢ છે. થોડા દિવસ પછી ભાઈ રામદાસ સ્વામી ધામમાં ગયા. ભગવાન જેમને ભાઈ કહી બોલાવતા. શ્રીહરિએ સભામાં કહ્યું હવે અમે ભાઈ કહી કોને બોલાવીશું ? એવા કોણ સંત છે જેણે પોતા માટે કાંઈ પણ ન માગ્યુ હોય ત્યારે આત્માનંદ સ્વામી ધ્યાનમાં આવ્યા. પછી શ્રીહરિ કહે ભાઈ રામદાસ સ્વામીને આત્માનંદ સ્વામી ઉપર ખૂબજ સ્નેહ હતો એટલે આજથી હું ભાઈ આત્માનંદ સ્વામી કહીશ. આમ કહી આત્માનંદસ્વામી ઝમરાળા હતા ત્યાં શ્રી ભાઈ રામદાસજીની ગોદડી-ગાદલી અને લાકડી મોકલાવી કહેવરાવ્યુ કે આજથી અમે સૌ આપને ભાઈ રામદાસ સ્વામીને સ્થાને માનીશું.

જે ભાઈ આત્માનંદ સ્વામીએ શ્રીજી આજ્ઞા શીરે ચઢાવી ધોલેરા મંદિરના કાર્યની જવાબદારી સંભાળેલી. શ્રીહરિની પ્રત્યેક આજ્ઞાનું સ્વામી યથાર્થ પાલન કરતા.

સંપ્રદાયના દરેક સેવા કાર્યમાં તત્પર સ્વામી ભાઈ આત્માનંદજી સં. ૧૯૧૬ -જેઠ વદ-૬ ના દિવસે ભાલ પ્રદેશના વાગડ ગામે ધામમાં ગયા. જેમની સેવા બોટાદના શેઠ શ્રી શિવલાલ ભાઈએ ખૂબજ કરી રાજીપો પ્રાપ્ત કરેલ.

આમ ધોલેરા મંદિરના નિર્માતા એવા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી, સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામી, સ.ગુ. શ્રી ભાઈ આત્માનંદ સ્વામી, સ.ગુ. શ્રી નિષ્કામાનંદ સ્વામી, સ.ગુ. શ્રી ત્યાગાનંદ સ્વામી ઉપર શ્રીજીમહારાજનો ખૂબજ રાજીપો હતો કારણ ભાલ જેવા સુકા પ્રદેશમાં રહી અનેક તકલીફોને સહન કરી મંદિર નિર્માણ તેમજ ભાલમાં સત્સંગનું કાર્ય કર્યું.



સ.ગુ. બ્ર. શ્રી માયાતિતાનંદજી



સ.ગુ. કો. શ્રી હરિપ્રિયદાસજી



સ.ગુ. કો. શ્રી હરિજીવનદાસજી

## ''ધોલેરાના સંતોનો મહિમા''

ધોલેરા ભાલપ્રદેશ એટલે અતિ સૂકો અને વેરાન પ્રદેશ. જ્યા પાણીથી માંડી અનંત પ્રકારની મુશ્કેલીઓ હોય. એવા પ્રદેશમાં જે સંત રહે તેનામાં સહજ ત્યાગ હોય. શ્રીજીમહારાજ પણ કહે છે અને સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પુરૂષોત્તમપ્રકાશ ગ્રંથના ૩૫માં પ્રકારમાં લખે છે.

''નાનો દેશ નિરસ અતિ, દેહાભિમાનીને દુઃખરૂપ, તિયા ત્યાગી હોય તે ટકે, બીજાને સંકટ રૂપ. એહ સંત બીજા સંત જેહ રે, બરોબર માનુ કેમતેહ રે. એહ સંતને જમાડશે જેહ રે, મોટા સુખને પામશે તેહ રે. બીજા જક્તના જમાડે ક્રોડ્ય રે, તોય આવે નહી એની જોડ્ય રે, એને પુજી ઓઢાડે અંબર રે, વળી પગે લાગે જોડી હાથ રે. તે તો જન જાયે બ્રહ્મમોલરે, સત્ય માનજો છે મારો કોલ રે.

સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે ધોલેરાના સંતોનો અદ્‌ભુત મહિમા કીધો છે કે કોઈ આ સંતોને

જમાડશે, એનુ પૂજન કરશે એને પગે લાગશે તે તો જરૂર બ્રહ્મમોલ જાશે આ અમારો કોલ છે.

"ધોલેરાનો એક સંત અને જક્તના કરોડ"

આમ ધોલેરા ધામના સંતનો પણ ખૂબજ મહિમા શ્રીહરિએ કહ્યો છે.


પ.ભ. શ્રી ચુડાસમા પાતાભાઈને ત્યાં જમતા શ્રીજી મહારાજ

## "શ્રીહરિ ચરણરજ થી પાવન થયેલ રોજકા ગામ"

"ત્યાંથી જમી ચાલ્યા અલબેલો,
રહ્યા રોજકે છેલ છબીલો. (ભક્ત. ચિ. પ્ર. ૮૫)

શ્રી સ્વામિનારાયણ ભગવાન ગઢપુરથી જ્યારે-જ્યારે વડતાલ જતા ત્યારે ઘણીવાર રોજકા થઈને જતા.

તેનુ કારણ રોજકાના કાકા ભાઈ જેમણે વચનામૃતમાં પ્રશ્નોત્તરી કરેલી છે તથા મશરૂગોળ, પાતાભાઈ વગેરે ભાવિક ભક્તોનો ભાવપ્રેમ.

"શ્રી ધોલેરાધામ મહિમા" પુસ્તિકાના યજમાનશ્રી પ.ભ. જાલમસિંહ ચંદનસિંહજી ચુડાસમા, ચંદનસિંહ અમરસિંહજી, શ્રી અમરસિંહજી ફલજીભાઈ, ફલજીભાઈ જેમાભાઈ , જેમાભાઈ પાતાભાઈ -

યજમાન પરિવારમાં છેલ્લે જે ચુડાસમા પાતાભાઈ તથા ધર્મપત્ની જશુબાના ભાવને વશ થઈ શ્રીજીમહારાજ તેમના ઘરે પધારેલા. એક કોઠી પણ પ્રસાદીની હતી. તદુપરાંત ધોલેરાના સ.ગુ. બ્ર. શ્રી માયાતીતાનંદ સ્વામી તથા સંતવિભૂતિ સ.ગુ. કો. સ્વામી હરિપ્રિયદાસજી સ્વામી જેવા વચનસિધ્ધ સંતો પણ આ ઘરે ઘણીવાર પધારેલા. પાર્ષદવર્ય શ્રી કાનજી ભગત સંઘ લઈ આવે ત્યારે ઉતારા-ભજન અહીજ કરતા. આમશ્રીજીમહારાજ તથા ઉત્તરોત્તર મહાન સંતોની કૃપા આ પરિવાર ઉપર ઘણી છે. આજે પણ પરિવારમાં ખૂબજ સારો સત્સંગ છે.

ગામમાં તલાવની પાળે શ્રીજીમહારાજે સભા કરેલી જ્યાં હાલ છત્રી છે તેમજ શ્રીહરિ વર્ણીવેશે રોજકા મલકા તલાવડી કાંઠે હનુમાનજી છે ત્યાં રાત રહેલા અને શ્રી હનુમાનજીનુ પૂજન કરેલું તેથી અતિ ચમત્કારી છે.

વિશેષ, રોજઈ તલાવડી કાંઠે અતિ ચમત્કારી સુપ્રસિધ્ધ બુટભવાની માતાનું પ્રાચીન મંદિર છે. તેમનો સ્પર્શ સ્વયં શ્રીહરિએ કરેલો હોવાથી અતિ ચમત્કારી પ્રસાદીભૂત મૂરતિ છે.

છત્રી તેમજ શ્રી હનુમાનજીની જગ્યાના જીર્ણોધ્ધારમાં અ.નિ. ચંદનસિંહ અમરસિંહજી ચુડાસમા પરિવારનો મહત્ત્વનો ફાળો છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ આ પરિવારને આવુને આવુ સત્સંગનું બળ આપે. સર્વોપરિ શ્રીહરિની ચરણરજથી રોજકા ગામમટી ધામ થયું.

## આરતી

જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી, સહજાનંદ દયાળુ (૨) બળવંત બહુનામી૦ જય. ૧
ચરણસરોજ તમારાં વંદુ કરજોડી (૨) ચરણે શીશ ધર્યાથી (૨) દુઃખ નાખ્યાં તોડી૦ જય. ૨
નારાયણ નરભ્રાતા, દ્વિજકુળ તનુ ધારી (૨) પામર પતિત ઉદ્ધાર્યા (૨) અગણિત નર નારી૦ જય. ૩
નિત્ય નિત્ય નૌતમલીલા, કરતા અવિનાશી (૨) અડસઠ તીરથ ચરણે (૨) કોટિ ગયા કાશી૦ જય. ૪
પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે (૨) કાળ કરમથી છૂટી (૨) કુટુંબ સહિત તરશે૦ જય. ૫
આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી (૨) મુક્તાનંદ કહે મુક્તિ (૨) સુગમકરી સિધી૦ જય. ૬

## ધુન

રામકૃષ્ણ ગોવિંદ, જય જય ગોવિંદ ! હરે રામગોવિંદ, જય જય ગોવિંદ ! ॥૧॥
નારાયણ હરે, શ્રીમન્નારાયણ હરે ! શ્રીમન્નારાયણ હરે, શ્રીમન્નારાયણ હરે ! ॥૨॥
કૃષ્ણદેવ હરે, જય જય કૃષ્ણદેવ હરે ! જય જય કૃષ્ણદેવ હરે, જય જય કૃષ્ણદેવ હરે ! ॥૩॥
વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે ! જય જય વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે ! ॥૪॥
વાસુદેવ ગોવિંદ, જય જય વાસુદેવ ગોવિંદ ! જય જય વાસુદેવ ગોવિંદ, જય જય વાસુદેવ ગોવિંદ ॥૫॥

રાધે ગોવિંદ, જય રાધે ગોવિંદ ! વૃન્દાવનચંદ જય રાધે ગોવિંદ !
માધવ મુકુંદ જય માધવ મુકુંદ ! આનંદકંદ જય માધવ મુકુંદ !

સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !

## શ્રી રાધિકાકૃષ્ણાષ્ટકમ્

નવીનજીમૂત સમાનવર્ણં, રત્નોલ્લસત્કુંડલ શોભિકર્ણમ્; મહાકિરીટાગ્રમયૂરપર્ણમ્, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ....૧
નિધાય પાણિદ્વિતયેન વેણું, નિજાધરે શેખરયાતરેણુમ્; નિનાદયન્તં ચ ગતૌ કરેણું, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ....૨

વિશુદ્ધહેમોજ્જ્વલ પીતવસ્ત્રં, હતારિયૂથં ચ વિનાપિ શસ્ત્રમ્; વ્યર્થીકૃતાનેકસુરદ્વિડસ્ત્રં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ....૩
અધર્મતિષ્યાર્દિતસાધુપાલં, સદ્ધર્મવૈરાસુરસંઘકાલમ્; પુષ્પાદિમાલં વ્રજરાજબાલં,શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ....૪
ગોપીપ્રિયારંભિતરાસખેલં, રાસેશ્વરીરંજનકૃત્પ્રહેલમ્; સ્કન્ધોલ્લસત્કુંકુમચિહ્નચેલં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ....૫
વૃંદાવને પ્રીતતયા વસન્તં, નિજાશ્રિતાનાપદ ઉદ્ધરન્તમ્; ગોગોપગોપીરભિનંદયન્તં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ....૬
વિશ્વદ્વિષન્મન્મથદર્પહારં, સંસારિજીવાશ્રયણીયસારમ્; સદૈવ સત્પુરૂષસૌખ્યકારં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ....૭
આનન્દિતાત્મવ્રજવાસિતોકં, નન્દાદિસંદર્શિતદિવ્યલોકમ્; વિનાશિતસ્વાશ્રિતજીવશોકં,શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ...૮

## પ્રાર્થના

નિર્વિકલ્પ ઉત્તમઅતિ, નિશ્ચય તવ ઘનશ્યામ; માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિ તવ,એકાંતિક સુખધામ ॥૧॥
મોહિમે તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર; દોષ ન રહે કોઈ જાત કો, સુનિયો ધર્મકુમાર ॥૨॥
તુમારો તવ હરિભક્તકો, દ્રોહ કબુ નહિ હોય; એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય ॥૩॥
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસનકો દાસ; એહિ માગું કરી વિનય હરી, સદા રાખિયે પાસ ॥૪॥
હે કૃપાલો ! હે ભક્તપતે ! ભક્તવત્સલ સુનો બાત; દયાસિન્ધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત ॥૫॥
સહજાનંદ મહારાજકે, સબ સત્સંગી સુજાણ; તાકુ હોય દ્રઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ ॥૬॥
સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય; તાકી વિક્તિ કહત હું, સુનિયે સબ ચિત્ત પ્રોય ॥૭॥
હિંસા ન કરની જંતકી, પરત્રિયા સંગકો ત્યાગ; માંસ ન ખાવત મદ્યકું, પીવત નહિ બડ ભાગ ॥૮॥
વિધવાકુ સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત; ચોરી ન કરની કાહુકી, કલંક ન કોઈકું લગાત ॥૯॥
નિંદત નહિ કોઈ દેવકુ, બિન ખપતો નહિ ખાત; વિમુખ જીવકે વદનસેં, કથા સુની નહિ જાત ॥૧૦॥
એહી ધર્મ કે નિયમમેં, બરતો સબ હરિદાસ; ભજો શ્રી સહજાનંદપદ, છોડી ઓર સબ આશ ॥૧૧॥
રહી એકાદશ નિયમમેં, કરો શ્રી હરિપદ પ્રીત; પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગજીત ॥૧૨॥

## મંગલાચરણ શ્લોકો

વિશ્વેશ છો સકળ વિશ્વતણા વિધાતા, ત્રાતા તમે સકળ મંગલ શાંતિ દાતા;
માટે તમારૂં કરુણાનિધિ સત્ય નામ, સાષ્ટાંગ નાથ તમને કરૂં હું પ્રણામ. ।।૧।।
અજ્ઞાનપાશ કરૂણા કરી કાપી નાખો, નિત્યે પ્રભુ તવ પદે મમવૃત્તિ રાખો;
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વયામ, સાષ્ટાંગ નાથ તમને કરૂં હું પ્રણામ. ।।૨।।

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ,ત્વમેવ બંધુ ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમદેવદેવ ! ॥
નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા, સધર્મભક્તેરવનં વિધાતા ।
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં,તનોતુ કૃષ્ણોડખિલમંગલં નઃ ॥

## પ્રાર્થના

દુઃખ હરિજનનું દિલે ધરો છો, સુખ નિધિ શ્યામ સહાયતા કરો છો.
તદપી ભજન જે કરે ન ભાવે, નહિ નર જાતિ કુજાતિ તે કહાવે.
પ્રભુ તવ મૂરતિ વિનોદ કારી, પલ પણ વિસરે નહિ જો વિસારી.
જુગલ ચરણ સોળ ચિન્હ જેહ, નજર સમીપે રહો અમારી તેહ.




શ્રી સ્વામિનારાયણ મંદિર - ધોલેરા

# શ્રી ધોલેરાધામ મહિમા

(ભાલ પ્રદેશ)



શ્રી સ્વામિનારાયણ મંદિર - ધોલેરા



અ.નિ. ચંદનસિંહ અમરસિંહજી ચુડાસમા
તથા અ.નિ. જામબા ચંદનસિંહજી ચુડાસમા



## શ્રી મદનમોહનજી મહારાજ



સજનબા જાલમસિંહજી ચુડાસમા
પ.ભ. શ્રી જાલમસિંહ ચંદનસિંહજી ચુડાસમા



પ્રસાદીનો બાજોઠ



પ્રસાદીનો ઘડો



પ્રસાદીનો ખેસ



પ્રસાદીની માળા



પ્રસાદીનો પંખો



પ્રસાદીનુ છત્ર



પ્રસાદીનુ ચોફાળ



પ્રસાદીની પાલખી



પ્રસાદીની છડી